| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૨/૦૧/૨૦૨૬ |
| રજી.તારીખ | ૧૨/૦૧/૨૦૨૬ |
| નિકાલ તારીખ | ૦૩/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| કુલ | 00 05 21 |

**આંક :– 11**

---

**ભુજના મ્હે. બીજા અધિક ચીફ જયુડીશીયલ મેજી. સાહેબની અદાલતમાં, ભુજ–કચ્છ.**

---

**ફો.કા.નં. ૩૦૩/૨૦૨૬**

**(નમુનો–અ)**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **ઉપર મુજબ** |
| ફોજદારી કેસ નંબર | **૩૦૩/૨૦૨૬** |
| પોલીસ સ્ટેશન/એફ.આઇ.આર | **પધ્ધર પો.સ્ટે.ગુ.ર.નં.૭૪૩/૨૦૨૫** |
| ગુન્હો | **પ્રોહી.એકટ કલમ ૬૫(એફ)** |

| | |
|---|---|
| ફરિયાદી | બી.જે.રબારી, પો.કો.પધ્ધર પો.સ્ટે. |
| **વિ.એ.પી.પી.શ્રી** | **શ્રી ઠાકોર** |
| આરોપી | **૧. વીરબાઇ કરશન કોલી,**<br>ઉ.વ. પુખ્ત, ધંધો: મજુરી,<br>રહે: કોટડા આથમણાવાસ,<br>તા:ભુજ–કચ્છ. |
| **આરોપીના વિ.વ.શ્રી** | **કે.એસ.જાડેજા** |

**(નમુનો–બ)**

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૨૪/૧૧/૨૦૨૫ |
| ફરિયાદની તારીખ | તા.૨૪/૧૧/૨૦૨૫ |
| ચાજર્શીટની તારીખ | તા.૦૬/૦૧/૨૦૨૬ |

| | |
|---|---|
| ચાર્જફ્રેમની તારીખ | તા.૧૨/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરુ થયાની તારીખ | તા.૦૬/૦૪/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | -- |
| ચુકાદાની તારીખ | ઉપર મુજબ |
| સજાનો હુકમ સાંભળ્યા તારીખ જો હોય તો | -- |

આરોપીની વિગત

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનાની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગતો | ટ્રાયલ દરમ્યાન કાતા કામે ભોગવેલ સજાનો સમયગાળો (બી.એન.એસ.એસ. કલમ ૪૬૮) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વીરબાઇ કરશન કોલી, | ૧૧/૧૨/૨૫ | ૧૧/૧૨/૨૫ | પ્રોહી એકટકલમ ૬૫(એફ) | નિર્દોષ | -- | -- |

**<u>નમુનો-ક</u>**

ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લિસ્ટ

(એ) ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :-

| <u>ક્રમ</u> | <u>આંક</u> | <u>સાહેદ નંબર</u> | <u>સાહેદનું નામ</u> | <u>સાહેદનો પ્રકાર</u> |
|---|---|---|---|---|
| ૧ | ૦૬ | ૦૨ | ગુલામ અબ્દુલ્લા પારા | પંચ સાહેદ |
| ૨ | ૦૮ | 03 | અલાના હમીર સમા | પંચ સાહેદ |

(બી) બચાવ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ:-

| ક્રમ | આંક | સાહેદ નંબર | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|---|
| -- | -- | -- | -- | -- |

(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ:-

| ક્રમ | આંક | સાહેદ નંબર | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|---|
| -- | -- | -- | -- | -- |

ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત

(એ) ફરિયાદ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:-

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧ | ૦૭ | મુદામાલ જપ્ત કર્યાનું પંચનામું |

(બી) બચાવ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :-

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| -- | -- | -- |

(સી) કોર્ટ પક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :-

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| -- | -- | -- |

## ચુ કા દો

૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૪/૧૧/૨૦૨૫ ના રોજ ૧૧.૩૦ વાગ્યાના અરસામાં ભુજ મધ્યે આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે દેશી દારુબનાવવાનો લીટર-૫૦, કિંમત રુ.૧૨૫૦/- નો મુદામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર ન મળી આવી ગુનો કરેલ હોવાની ફરિયાદ ફરિયાદીએ નોંધાવેલી.

૨). સદરહુ કામમાં આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુનાની ફરિયાદ દાખલ થતાં આરોપીની તરફે યોગ્ય જામીન રજુ થયેથી આરોપી જામીન મુકત થયેલ.

૩). સદરહુ કામમાં આરોપી વિરુધ્ધ તપાસના અંતે ચાર્જશસટ દાખલ થતા આરોપી તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં આરોપીને બી.એન.એસ.એસ. ૨૩૦ હેઠળ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ અને આરોપીની પ્લી નોંધવામાં આવતા આરોપીએ પોતાને ગુન્હો

કબુલ નથી તે મતલબનું જણાવતા આરોપી વિરુધ્ધ કેસ આગળ ચલાવવામાં આવેલ.

૪). આ કામે આરોપી વિરુધ્ધ ફરીયાદપક્ષે જે પુરાવાઓ રજૂ રાખવામાં આવેલ છે તે ધ્યાને લેતાં ફરીયાદી પક્ષના પુરાવાના અંતે આ કામના આરોપીનું બી એન એસ એસ કલમ ૩૫૧ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારબાદ બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

૫) સદરહુ કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

**-:: મુ દ્દા ::-**

૧ શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબિત કરે છે કે, તા.૨૪/૧૧/૨૦૨૫ ના રોજ ૧૧.૩૦ વાગ્યાના અરસામાં ભુજ મધ્યે આ કામના આરોપીએ ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે દેશી દારુબનાવવાનો લીટર-૫૦, કિંમત રુ.૧૨૫૦/- નો મુદામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર ન મળી આવી , પ્રોહી.એકટ કલમ ૬૫(એફ)મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨ શું હુકમ ?

૬) ઉપરોકત મુદ્દાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**નિર્ણય માટેના કારણો**

**મુદ્દા નં.૧:-**

૭) ત્યાર બાદ, ફરિયાદ પક્ષે પંચ સાહેદ ગુલામ અબ્દલ્લા પારાને આંક-૦૬ તથા સાહેદ અલાના હમીર સમાને આંક-૦૮ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ જણાવેલ છે કે, તેઓને પોલીસે પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી પંચનામા અંગે તેઓ કાંઇ જાણતા નથી. તેઓ રુબરુ પંચનામું કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી.તેઓએ આંક-૦૭ થી રજુ પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

સદર પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય જેથી

વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ જાહેર કરવા એવીડન્સ એકટની કલમ – ૧૫૪ મુજબ ઉલટતપાસમાં પુછી તેવા પ્રશ્નો પુછવા પરવાનગી માંગતા સવાલો પુછવા પરવાનગી આપવામાં આવી. પરંતુ તેઓ પોતાની વાતને વળગી રહેલા વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ જાહેર કરવા એવીડન્સ એકટની કલમ –૧૫૪ મુજબ ઉલટતપાસમાં પુછી તેવા પ્રશ્નો પુછવા પરવાનગી માંગતા સવાલો પુછવા પરવાનગી આપવામાં આવી. પરંતુ તેઓ પોતાની વાતને વળગી રહેલા છે અને તેઓએ આરોપી વિરુધ્ધ કોઈ પુરાવો આપેલ નથી.

બચાવ પક્ષની ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફકત તેમનું નામ સરનામું પુછેલ અન્ય કોઇ હકીકત તેઓ જાણતા નથી.

૮) આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લીધો. બંને પક્ષની દલીલો સાંભળી. આ કામે રેકર્ડ તપાસતા ફરીયાદપક્ષે જે પંચસાહેદને તપાસેલ છે તેઓએ પંચનામાને સમર્થન કરેલ ન હોઈ પંચનામુ પુરવાર થતુ નથી. આ કામે બનાવ વાળો વિસ્તાર રહેણાક વિસ્તાર હોવા છતાં સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી.તેમજ પંચનામાના સાહેદે પણ સમર્થન કરેલ નથી. આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ ન હોઈ તેમજ સ્વતંત્ર સાહેદોના પુરાવાની ગેરહાજરીમાં તથા પંચનામુ પુરવાર થતુ ન હોઈ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનાઓ નિ:શંકપણે પુરવાર કરવામા સફળ રહેતો નથી. તે સં જોગોમાં આક્ષેપિત ગુનાના તત્વો ફલિત થતા ન હોઈ ફરીયાદપક્ષ સમગ્ર હકીકતે આરોપી વિરૂધ્ધનો કેસ શંકારહીત પુરવાર કરવામાં સફળ રહેતો ન હોઈ પંચનામુ પુરવાર થયેલ ન હોઈ તેમજ સ્વતંત્ર અને તટસ્થ સાહેદોને આ કામે તપાસેલ ન હોઈ એફ.એસ.એલ.નો રીપોર્ટ રજુ કરેલ નથી તેમજ ગુના અંગેના પણ કોઈ તત્વો પુરવાર થતા ન હોઈ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

૯) આમ, ઉપરોક્ત ચુકાદા મુજબ પણ પાંચ સાહેદ હોસ્ટાઈલ થયા હોય આરોપીને તકસીરવાન ન કરાવી શકાય. મુદામાલનો જે નમુનો પૃથ્થકરણ અર્થે મોકલવામાં આવેલ તે આ કામની રેઈડ દરમ્યાન કબજે

લીધેલ મુદામાલ પૈકીનો છે કે કેમ તે બાબતે શંકા ઉદભવે છે.આમ, આ મુદ્દામાલ આ કામના આરોપીએ ધારણ કરેલો હોય કે તેઓની પાસેથી મળેલો હોય તેવુ આરોપી પાસેનું મુદ્દામાલનું એકચ્યુઅલ પઝેશન પુરવાર થતું નથી.આમ, ઉપરોકત હકીકતોને લક્ષમાં લેતાં આ કામના આરોપીનાં સભાનપણાનાં કબ્જા ભોગવટામાંથી કહેવાતો મુદામાલ મળી આવેલ હોવાનું પંચસાહેદોનાં પુરાવાથી નિ:શંકપણે પુરવાર થતું નથી. વધુમાં, ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષનાં કેસને સ્વતંત્ર સાહેદનાં પુરાવાના અભાવે પુરવાર થયેલ માની શકાય નહીં. સદરહુ ગુન્હાના કામે આરોપીને સાંકળી શકે તેવો કોઈ પુરાવો ના હોઈ ફરિયાદપક્ષ આરોપી વિરુધાનું તહોમત નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય આરોપીને નિર્દોષ છોડવાનું યોગ્ય જણાતું હોય નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે.

***–:: આખરી હુકમ ::–***

૧. **બી.એન.એસ.એસ. કલમ ૨૭૮(૧)** અન્વયે આ કામના આરોપી **વીરબાઈ કરશન કોલી,** ઉ.વ. પુખ્ત, ધંધો: મજુરી, રહે: કોટડા આથમણાવાસ,તા:ભુજ–કચ્છનાઓને ગુજ. પ્રોહી.એકટની કલમ ૬૫(એફ) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીએ અગાઉ આપેલ જામીનખત તથા જાતમુચરકો અપીલ સમય સુધી **બી.એન.એસ.એસ.કલમ ૪૮૦** ની જોગવાઈ મુજબ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩. મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલનો અપિલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નિકાલ કરવો.

આજરોજ તા:૦૩ માહે: જુલાઈ સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા:૦૩/૦૭/૨૦૨૬
ભુજ–કચ્છ.

(જયોતિ વિરાટભાઈ બુધ્ધ)
બીજા અધિક ચીફ જયુ.મેજી.
ભુજ–કચ્છ.
જી.જે.૦૧૧૭૯

ડી.એન.આચાર્ય